# ડાયાબિટીક ન્યૂરોપથીને સમજવી



ડાયાબિટીક ન્યૂરોપથી એ ચેતાતંત્રને થતું નુકસાન છે જે થવાનું કારણ ડાયાબિટીસ હોવું છે. સમય જતાં, હાઈ બ્લડસુગર, અને લોહીમાં લિવર ફેટ્સના ઊંચા પ્રમાણને લીધે ડાયાબિટીક ન્યૂરોપથી થઈ શકે છે.

**આ સંજોગોમાં ડાયાબિટિક ન્યૂરોપથી થવાનું જોખમ છે**

- કોરોનરી હાર્ટ ડિસિઝ
- શરાબ અથવા આલ્કોહોલયુક્ત પીણાંનું સેવન
- અતિશય ધૂમ્રપાન
- મેદસ્વીપણું
- હાઈ બ્લડપ્રેશર અને હાઈ કોલેસ્ટ્રોલ
- એડવાન્સ્ડ કિડની ડિસિઝ

## ડાયાબિટીક ન્યૂરોપથી સાથે સંકલિત ચિહ્નો

ડાયાબિટીક ન્યૂરોપથીમાં ચિહ્નો મોટાભાગે સંપર્ક, પીડા, તાવ અને અન્ય સંવેદનાઓ સાથે સંકલિત હોય છે.

- ખાલી ચઢવી ખાસ કરીને પગ અને અંગૂઠામાં
- બળતરા અથવા પીડાનો અહેસાસ
- એકાએક તીવ્ર પીડા પગના ભાગે થવી જે રાત્રે વધી જાય
- કુલા, સાથળ અથવા જાંઘમાં પીડા
- જાંઘના સ્નાયુઓમાં સંકોચન તથા નબળા પડવા
- બેઠેલી સ્થિતિમાંથી ઊભા થવામાં તકલીફ
- પગના ભાગે ચાંદા પડવા, ચેપ લાગવો, પગનો આકાર બદલાવો તેમજ હાડકાં અને સાંધાને નુકસાન
- તાપમાનમાં થતા ફેરફારને મહેસૂસ કરવાની ક્ષમતા જતી રહેવી
- સમતોલન ગુમાવી દેવું, પડવાનું જોખમ વધી જવું અને ચાલ બદલાવી

તમારા બ્લડસુગરના સ્તરને તમારી લક્ષ્યાંકિત રેન્જમાં જાળવી રાખવાની સાથે તમારા લોહીમાં ચરબીના પ્રમાણ (કોલેસ્ટ્રોલ) અને બ્લડપ્રેશરને પણ નિયંત્રણમાં રાખવાથી તમે તમારા ન્યૂરોપથીના ચિહ્નોની સ્થિતિમાં સુધારો કરી શકો છો અને ચેતાતંત્રને નુકસાન થવાના સ્તર સુધી પહોંચતા અટકાવી શકો છો.

### શા માટે ડાયાબિટીક ન્યૂરોપથી આટલી બધી પીડાદાયક છે?

ચેતાતંત્ર થકી જ મગજ અને બાકીના આખા શરીર વચ્ચે સંદેશાની આપ-લે થાય છે. ડાયાબિટીક ન્યૂરોપથી થવાથી, ચેતાતંત્રની સંદેશાના વહનની આખી પ્રક્રિયા ખોરવાઈ જાય છે જેના કારણે સુન્નતા આવે છે, ખાલી ચઢે છે, પીડા થાય છે, બળતરા થાય છે અને બેચેની લાગે છે. અમુક લોકો માટે તો આ પીડા અસહ્ય બની જાય છે અને સામાન્ય તબિયત ઉપર પણ અસર પડવા લાગે છે.




### પેઈન ફિઝિશિયન ડાયાબિટીક ન્યૂરોપથી સાથે સંકળાયેલી પીડાના ઈલાજ માટે સ્પેશ્યલાઈઝ સોલ્યુશન પૂરા પાડીને મદદરૂપ થઈ શકે છે.

**પેઈન ફિઝિશિયન** દ્વારા દવાઓ તેમજ મિનિમલી ઈન્વેસિવ પેઈન એન્ડ સ્પાઈન ઈન્ટરવેન્શન્સ (MIPSI) ના મિશ્રણ સહિતના ચોક્કસ ઉપચાર પ્લાન બનાવીને સ્પેશ્યલાઈઝ સોલ્યુશન પૂરા પડાય છે.



**પીડાની દવાઓ/ એનાલ્જેસિક્સ/ એન્ટિ-ન્યૂરોપેથિક દવાઓ**

- પીડા ઘટાડે



**મિનિમલ ઈન્વેસિવ પેઈન એન્ડ સ્પાઈન ઈન્ટરવેન્શન્સ (MIPSI)**

- એપિડ્યુરલ સ્ટીરોઈડ ઈન્જેક્શન્સ
- પેરિફેરલ નર્વ મોડ્યુલેશન
- સ્પાઈનલ કોર્ડ સ્ટીમ્યુલેશન

Issued in Public Interest by

Program sponsored by
Mylan Pharmaceuticals Pvt. Ltd.
A Viatris Company